PHONES

PATAN : 221347,230808

(MO) : 9427621777, 9104579531/32

E-mail : dpbros123@gmail.com

Website: dpthakker.com

# D.P.THAKKER & CO

ESTD DPT 1956

TAX CONSULTANTS

"SHREEKUNJ", STATION ROAD,

PATAN (N.G) 384265

તારીખ: ૨૬/૦૯/૨૦૧૯

## APMC ના વેપારીઓ માટે બેન્કમાંથી ૧ કરોડ થી વધુ રોકડ ઉપાડ ઉપર ૨% TDS માં આપેલ રાહત

ભાઈશ્રી,

તમે જાણો છો તે મુજબ તારીખ ૦૧/૦૯/૨૦૧૯ થી કોઈ પણ વ્યક્તિ બેન્કમાંથી રૂ. ૧ કરોડથી વધારે રોકડ રકમનો ઉપાડ કરે તો તેમાંથી બેન્કોએ ૨ % TDS કાપવાનો નવો કાયદો અમલમાં આવેલ છે. તાજેતર માં સરકારશ્રીએ આ કાયદામાં ગંજબજાર ના વેપારીઓને નીચેની શરતો આધીન છુટછાટ આપી છે.

(૧) વેપારી પાસે APMC નું લાયસન્સ હોવું જોઈએ.

(૨) વેપારીએ બેન્ક ને લેટરપેડ ઉપર કાગળ લખીને આપવો પડશે કે બેન્ક નાકયા એકાઉન્ટ માંથી તે રૂ. ૧ કરોડથી વધુની રોકડ રકમ ઉપાડશે જેનો ઉપયોગ ખેડુત પાસેથી ખરીદેલ માલ કે ખેડુત નો માલકામીશનથી હરાજીમાં વેચી આપેલ હોય તેના પેમેન્ટ માટે કરશે

(૩) અરજીની સાથે વેપારીના PAN કાર્ડ ની ઝેરોક્ષ તથા APMC લાયસન્સ ની કોપી જોડવી.

(૨) ઉપરોકત શરતો નું પાલન કરવામાં આવે તો બેન્કો ૨% TDS નહીં કરે. શરતો જોતાં બેંકમાંથી રૂ. ૧ કરોડથી વધુ નો ઉપાડ કરવામાં આવે તે રોકડ રકમ નો ઉપયોગ ખેડુતો ને માલનું પેમેન્ટ કરવામાં જ કરવાનો છે. અન્ય કોઈ કારણસર આ રોકડ નો ઉપયોગ કરવાનો નથી. એટલે કે આ બેન્ક ખાતામાંથી ઉપાડેલ રોકડ બીજા કોઈ બેન્ક ખાતામાં ભરી શકાય નહીં કે મજુરી, ટ્રાન્સપોર્ટ ભાડું, પગાર વિગેરે જેવા ધંધાના કોઈ ખર્ચ પણ ચુકવી શકાય નહીં. જે વેપારી ભાઈઓએ ધ્યાન માં રાખવું.

(૩) બેન્ક ને જે કાગળ લખીને આપવાનો છે તેનો નમુનો અમે બનાવેલ છે તે આ સાથે સામેલ છે

કુશળ હશો

લી.

કનુભાઈ-પિયુષભાઈ-નિખિલભાઈ